| | | | |
|---|---|---|---|
| દાખલ કર્યાની તારીખ | ૧૮–૦૯–૨૦૧૮ | | |
| રજી.કર્યાની તારીખ | ૧૮–૦૯–૨૦૧૮ | | |
| ફેસલ કર્યાની તારીખ | ૦૮–૦૫–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૭ | ૨૦ |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**જામનગરના મહે.શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ તથા એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.જામનગર.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ફો.કે.નં. ૬૮૦૩/૨૦૧૮.**
**આંક:–......**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

**મુળ ફરિયાદી :–** **નયન હરીશભાઈ કનખરા**
ઉ.વ–૨૯, ધંધો–વકીલાત,
રહે. દિગ્વીજય પ્લોટ, શેરી નં. ૧,
ખંભાળીયા નાકા બહાર, જામનગર.

–:: વિરુધ્ધ ::–

**આરોપીઓ :–** **ધર્મેન્દ્રસિંહ કે. સરવૈયા, પી.એસ.આઈ, જામનગર.**

**ગુનો : ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૬(૨) મુજબ.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદીપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :– પી.જે.પટેલ
આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી :– એમ.ડી.જાડેજા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## – : ચુ કા દો :–

## (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદી નયન ગીરીસભાઈ કનખરાનાઓએ હાલની ફરિયાદ આ કામના આરોપી વિરુદ્ધ એવી હકીકતે લખાવેલી કે ફરિયાદીના નાના ભાઈ હાર્દિક કનખરા સામે સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જી.પી એક્ટની જોગવાઈ હેઠળ ફરિયાદ નોંધાયેલી હતી જેનો કેસ અદાલત સમક્ષ ચાલતો હોવાથી મુદ્દત તારીખે ફરિયાદી તથા તેઓના વિ.વ.શ્રી અને ફરિયાદીના ભાઈ વિગેરે હાજર હતા ત્યારે આ કામના આરોપીની જુબાની ચાલી રહેલી હતી. ફરિયાદીના કહેવા મુજબ જુબાની આપતી વખતે આરોપીએ પોતાની સર્વિસ રીવોલ્વર કાઢી ફરિયાદી સામે જોઈને મારી નાખીસ તેવી ધમકી આપેલી હતી. આ બાબતે વકીલ–મંડળના સભ્યોને જાણ થતા જામનગર વકીલ મંડળના હોદ્દેદારો ત્યાં આવી ગયેલા ત્યારબાદ આરોપીએ સાહેદશ્રી નીતલ ધ્રુવનાઓને જણાવેલું કે, બહાર નિકળીને તારો પણ વારો કાઢીશ. આ હકીકતે ફરિયાદીએ આરોપી વિરુદ્ધ હાલની ફરિયાદ લખાવેલી છે. ફરિયાદીના કહેવા મુજબ આ ધમકી આપવાનું કારણ એ છે કે, છ મહિના પહેલા આરોપીએ ફરિયાદીના ભાઈની કોલ્ડ્રીન્ગસની દુકાન બંધ કરાવવા માટે બોલાચાલી કરેલી અને તેમની સામે આરોપીએ ફરજમાં રૂકાવટની ફરિયાદ કરેલી ત્યારે આરોપી વિરુદ્ધ મારકુટની ફરિયાદ આરોપીના ભાઈ દ્વારા કરવામાં આવેલી હતી.

**(૧.૧)** ફરિયાદી દ્વારા આપવામાં આવેલી ફરિયાદ અનુસંધાને જરૂરી નોંધણી કરી આ બનાવની તપાસ આ કામના ત.ક.અશ્રીને સોપવામાં આવેલી હતી. તપાસ દરમિયાન ત.ક.અશ્રી દ્વારા લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા અને તપાસને અંતે તેઓના મંતવ્ય મુજબ

આરોપીએ કોઈ ગુનો કરેલ નથી, પરંતુ આરોપી દ્વારા ફરિયાદીના નાના ભાઈ વિરુદ્ધ પોતે પોલીસ અધિકારી તરીકે કાયદેસરની કાર્યવાહી કરેલી અને તે અંગે કેસ દાખલ કરેલો. જેથી ફરિયાદી વકીલશ્રી તરીકે વ્યવસાય કરી રહેલા હોય અને તેઓની સાથે અંગત દ્વેસભાવના ભાગરૂપે હાલની ફરિયાદ ખોટી ઉભી કરવામાં આવેલી છે તેવું જણાવી આ કામે સમરી ફાઈલ કરેલી હતી.

**(૨) કોર્ટ કાર્યવાહી:–**

ત.ક.અશ્રી દ્વારા આ કામે સમરી ફાઈલ કરતાં આ કામના ફરિયાદીને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલી તે અનુસંધાને ફરિયાદીને સાંભળવામાં આવેલા ત્યારબાદ કાયદેસરની કાર્યવાહીને અંતે આ કામના આરોપી ઉપર ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨) મુજબ પ્રોસેસ ઈશ્યુ કરવાનો આદેશ કરવામાં આવેલો. આમ, અદાલત દ્વારા કરવામાં આવેલા પ્રોસેસ ઈશ્યુના આદેશ અનુસંધાને આરોપી સામે આ ફરિયાદ મુજબની કાયદેસરની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**(૨.૧)** આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ થતા આરોપી પોતાના વિ.વ.શ્રી મારફતે અદાલતમાં હાજર થયેલા અને તેઓને સદરહુ કેસના પેપર્સની નકલ વીનામુલ્યે પુરી પાડી આંક–૪૧ થી તહોમત્તનામુ ઘડી તે આ કામના આરોપીને વાંચી સંભળાવી આંક–૪૨ થી આરોપીનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલું જેમાં આરોપીએ ગુનો કરેલાનો ઈનકાર કરતાં આરોપી વિરુદ્ધ આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩) ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો:–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

## :: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો ::

| અનું.નં. | આંક | સાક્ષીનું નામ |
|---|---|---|
| ૧ | ૫૫ | ફરિયાદી–નયન હરીશભાઈ કનખરાની જુબાની. |
| ૨ | ૫૬ | સાહેદ– નિતલ મુકુંદભાઈ ધ્રુવની જુબાની. |
| ૩ | ૫૭ | સાહેદ– હાર્દિક હરીશભાઈ કનખરાની જુબાની. |
| ૪ | ૫૮ | સાહેદ– અબ્બાસ સમાની જુબાની. |
| ૫ | ૬૩ | ત.ક.અ– રાકેશકુમાર સુર્યકાંત ઠાકરનાઓની જુબાની. |

## :: ફરીયાદ પક્ષનો લેખિત પુરાવો ::

| અનું.નં. | આંક | સાક્ષીનું નામ |
|---|---|---|
| ૧ | ૬૪ | ફરિયાદ. |

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–પર થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે, પરંતુ અદાલતે કેસનો અભ્યાસ કરતાં કેટલાક મહત્વના સાહેદોને તપાસવા જરૂરી જણાતું હોય તેઓની જુબાની નોંધ્યા બાદ કેસનો યોગ્ય તે નિર્ણય કરવો જોઈએ તેવું લાગત ક્લોઝીંગ પુરસીસ આવી ગયા પછી ઉપર જણાવેલા સાહેદોની જુબાની નોંધવામાં આવેલી છે. સદરહુ સાહેદોની જુબાની નોંધ્યા બાદ ફરિયાદપક્ષે અગાઉ રજૂ કરેલ ક્લોઝીંગ પુરસીસ ધ્યાને લેવા વિનંતી કરેલી છે અને પોતાનો પુરાવો બંધ થયેલાનું જાહેર કરેલ છે.

(૪.૧) ઉપરોકત પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી કલમ–૩૧ ૩ મુજબનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદપક્ષનો પુરાવો તેઓની હાજરીમાં લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વિકાર કરેલ છે અને ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવો ખોટો હોય પોતે કોઈ ગુનો કરેલ ન હોવાની હકીકત જણાવી પોતે નિર્દોષ હોવાનું

જણાવેલ છે. આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને પોતાના બચાવમાં કોઈ સાક્ષી પણ તપાસેલા નથી.

(૫) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી તરફે એવી રજૂઆત કરવામાં આવેલી છે કે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ઘ્યાને લઈને અદાલતે કેસનો ન્યાયીક નિર્ણય કરવો જોઈએ.

(૬) આરોપી તરફે મુખ્ય એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપી અને ફરિયાદી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય અને જે તે સમયે આરોપી પોતાની સતાવાર ફરજના ભાગરૂપે જામનગર વિસ્તારવામાં પેટ્રોલીંગ કરી રહેલા હોય ત્યારે આ કામના ફરિયાદીના ભાઈએ રાત્રીના ૧૨–૩૦ વાગ્યાની આસપાસ પોતાની દુકાન ખુલ્લી રાખેલી હતી અને તે દુકાન બંધ કરવાનું આરોપીએ જણાવતા ફરિયાદીના ભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને પોતે વકીલશ્રીના ભાઈ થતા હોય દુકાન બંધ કરવાનો ઈનકાર કરેલો અને આરોપીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરેલી. જેથી આ કામના આરોપીએ આ કામના ફરિયાદીના ભાઈ ઉપર કાયદેસરની કાર્યવાહી કરી ગુનો દાખલ કરેલો અને ફરિયાદીના ભાઈને અટક કરવામાં આવેલો તેનો રાગદ્ધેસ રાખીને હાલની ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવેલી છે. ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ છે તે મુજબનો કોઈ બનાવ બનેલ નથી. આ કામે ત.ક.અશ્રીએ નામ. અદાલતમાં ફરજ બજાવતા કર્મચારીઓના નિવેદન નોંધેલા હોય તેવા કોઈપણ કર્મચારીના નિવેદનમાં ફરિયાદીને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગત બહાર આવતી નથી. કોઈપણ સાહેદે આ કામના આરોપીના હાથમાં કોઈ રીવોલ્વર જોયેલી નથી, કે કોઈ ધમકી આપતા શબ્દો સાંભળેલા નથી. જેથી જે તે વખતે ઉશ્કેરાટ ભર્યા વાતાવરણમાં હાલની ફરિયાદ કરવામાં આવેલી હોય અને ફરિયાદીના ભાઈ ઉપર કરવામાં આવેલી કાયદેસરની કાર્યવાહીના

કાઉન્ટર બ્લાસ્ટ તરીકે આ ફરિયાદ દાખલ કરવામાં આવેલી હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૭) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકા રહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આ કામના ફરિયાદીને પોતાની સર્વીસ રીવોલ્વર બતાવી મારી નાખવાની ધમકી આપી અને ત્યારબાદ વકીલ બારના સભ્ય મિત્તલ ધ્રુવ આવી જતા તેઓને તારો પણ વારો કાઢી નાખીશ તેવી ધમકી આપી ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨) મુજબની શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>– : નિર્ણય માટેના કારણો :–</u>**

**<u>: મુદ્દા નં.૧ :</u>**

(૯) ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં આંક–૫૫ થી

ફરિયાદી નયન હરીષભાઈ કનખરાને તપાસવામાં આવેલા છે. તેઓ અદાલત રૂબરૂ તેવો પુરાવો આપે છે કે, બનાવ ૧૦–૧૨ વર્ષ પહેલા બનેલો. બનાવની ચોક્કસ તારીખ કે વર્ષ અને સમય તેઓને યાદ નથી. ફરિયાદીના ભાઈ હાર્દીક ઉપર એન.સી કેસ નોંધાયેલો હતો તે બાબતે સાક્ષીની જુબાની નોંધવાની હોય ફરિયાદી તથા તેઓના ભાઈ અને તેઓના વકીલશ્રી અબ્બાસભાઈ સમા જુબાની માટે હાજર થયેલા તે સમયે આરોપીએ પોતાની સર્વીસ રીવોલ્વર બહાર કાઢેલી તે સમયે ફરિયાદી અને આરોપી વચ્ચે બોલવાનું થયેલું તે અંગે ફરિયાદ આપવામાં આવેલી હતી. આ સિવાય બીજુ કશુ બનેલું નથી.

(૯.૧) આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલી ઊલટતપાસ દરમિયાન તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, આરોપી સીટી સી ડીવીઝનમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. ફરિયાદીના નાના ભાઈ હાર્દિકની દુકાન જામનગરની બજારમાં આવેલી છે. તે દુકના રાત્રીના સમયે ખુલ્લી હતી ત્યારે આરોપીએ દુકાન બંધ કરાવવા માટે કાર્યવાહી કરેલી હતી. દુકાન બંધ કરાવતી વખતે માથાકુટ થયેલી તેવું જણાવીને આ કામના આરોપીએ ફરિયાદીના ભાઈ વિરુદ્ધ તથા ફરિયાદી વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરીને કેસ દાખલ કરેલો. સદર સાહેદ તે હકીકતનો સ્વિકાર કરે છે કે, તે કેસની કાર્યવાહી આરોપીએ ફરિયાદી વિરુદ્ધ કરેલી તે પહેલાં ફરિયાદી કે તેઓના ભાઈએ આરોપીને મળવાનો પ્રસંગ બનેલ ન હતો. જેથી તેઓની વચ્ચે કોઈ અંગત વેર કે દ્વેષ ન હતો. આ કામના આરોપીએ ફરિયાદીના ભાઈ વિરુદ્ધ નિયમનો ભંગ કરીને મોડી રાત્રે દુકાન ચાલુ રાખવા બદલ કેસ દાખલ કરેલો હતો. તેઓ એ હકીકત પણ કબુલ રાખે છે કે, આ ફરિયાદ કરી ત્યારથી આજદીન સુધી ફરિયાદી, સાહેદો અને આરોપી વચ્ચે કોઈ અણબનાવ બનેલો નથી કે બોલાચાલી થયેલી નથી. હાલની ફરિયાદ આરોપી સામે આપ્યા બાદ પણ આરોપીએ કે તેમની સાથેના પોલીસ

કર્મચારીએ ફરિયાદી કે સાહેદો ઉપર કોઈ રાગદ્વેસ રાખીને ખોટા કેસો ઉભા કરેલા નથી કે કોઈ ધાક–ધમકી આપેલી નથી. સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, ફરિયાદી આજે પણ અગાઉની જેમ સક્રિય વકીલ તરીકે પ્રેક્ટીસ કરે છે અને તેઓના ભાઈ હાર્દિક ભાઈ તે જ સ્થળે પહેલાની જેમ દુકાન ચલાવે છે.

(૯.૨) ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સદર સાહેદ આ બનાવના ભોગબનનાર સાહેદ હોવાનું ફરિયાદપક્ષનું કહેવું છે. હાલના સાહેદ પોતે વકીલાત તરીકે વર્ષોથી વ્યવસાય કરતાં આવેલા છે. હાલના સાહેદના ભાઈ ઉપર આ કામના આરોપીએ પોતાની સત્તાવાર ફરજ દરમિયાન અવરોધ ઉભો કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરીને કેસ દાખલ કરેલો અને ફરિયાદીના ભાઈની ધરપકડ કરવામાં આવેલી. આ દાખલ થયેલા કેસની જુબાની સમયે હાલનો બનાવ બનવા પામેલો છે તેવું ફરિયાદીનું કહેવું છે. ફરિયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીએ તેઓને અદાલતની જુબાની દરમિયાન કે ત્યારબાદ કોઈપણ સમયે કોઈપણ પ્રકારની ધમકી આપેલી હોય તેવું અદાલતના રેકર્ડ ઉપર આવતું નથી. આ કામના આરોપીએ કોઈપણ પ્રકારની ધમકી આપેલી હોય તો તેનો ઉલ્લેખસુદ્ધા ફરિયાદી દ્વારા પોતાની જુબાની દરમિયાન કરવામાં આવેલ નથી. ફરિયાદી પોતે સક્રીય વકીલ તરીકે ઘણા વર્ષોથી જામનગર મુકામે વકીલાતનો વ્યવસાય કરતાં આવેલા છે. સ્વાભાવીક રીતે જ વકિલાતના વ્યવસાય સાથે સંકળાયેલા ફરિયાદીને એ બાબતની સચોટ જાણ હોય કે આરોપીએ બોલેલા શબ્દો પોતાની જુબાની દરમિયાન અદાલતના રેકર્ડ ઉપર મુકવા જરૂરી છે. જ્યાં સુધી બોલાયેલા શબ્દો અદાલતના રેકર્ડ ઉપર જુબાની દરમિયાન મુકવામાં ન આવે ત્યાં સુધી અદાલત વાસ્તવમાં એ બાબતનો નિર્ણય કરી શકે નહીં કે આરોપી દ્વારા કોઈ ધમકી આપવામાં આવેલી છે કે કેમ ? અને

જો કોઈ ધમકી આપેલી હોય તો તે ધમકી કેવા પ્રકારની છે. પોતાને ધમકી આપેલાની કોઈ હકીકત ફરિયાદીએ પોતાની અદાલત રૂબરૂની જુબાનીમાં જણાવેલી ન હોય ત્યારે પોતાની ફરિયાદમાં જણાવેલી ધમકી અંગેની હકીકત સાબિતી વગરની રહી જવા પામેલ છે. જેથી ફરિયાદીએ પોતાની ફરિયાદમાં ધમકી આપેલાની જે હકીકત જણાવેલી છે તેનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી. ફરિયાદમાં હકીકત જણાવવી અને તે હકીકતની સાબિતીનો પુરાવો આપવો આ બે અલગ બાબત છે. ફરિયાદપક્ષની જવાબદારી માત્ર ફરિયાદમાં કોઈ હકીકત જણાવી દેવાથી પુરી થઈ જતી નથી. જ્યાં સુધી ફરિયાદમાં જણાવેલી હકીકતને પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ અદાલત સમક્ષની કાર્યવાહીમાં પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ફરિયાદમાં જણાવેલી તેવી હકીકતનું કોઈ મુલ્ય રહેતું નથી. આ કામે ધમકી આપેલાની કોઈ હકીકત સાહેદની જુબાનીથી અદાલતના રેકર્ડ ઉપર આવતી ન હોય ત્યારે હાલના સાહેદની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય, વ્યાજબી કે ન્યાયોચીત નથી.

(૯.૩) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૫૬ થી સાહેદ નિતલ મુકુંદભાઈ ધ્રુવનાઓને તપાસવામાં આવેલા છે. તેઓ બનાવ સમયે વકીલ બાર મંડળમાં હોદ્દેદાર તરીકે કાર્યરત હતા ત્યારે તેઓને એવી હકીકત જાણવા મળેલી કે અદાલતમાં એક વકીલ અને પોલીસ વચ્ચે બોલવાનું થયેલું છે.હાલના સાહેદ બારના હોદ્દેદાર તરીકે આ માહિતી મળતા અદાલતમાં ગયેલા ત્યાં તેઓને પી.એસ.આઈ તથા નરેનભાઈ કનખરા વચ્ચે બોલવાનું થયેલું તેવું જાણવા મળેલું. આ સિવાય બીજુ કાઈ તેઓએ જાણેલું નથી.

(૯.૪) પોતાની ઊલટતપાસ દરમિયાન તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, આ બનાવ બન્યો ત્યારે તેઓ પોતે બનાવ સ્થળે હાજર ન હતા. આ

બનાવની જાણ તેઓને બનાવ બની ગયા બાદ પાછળથી થયેલી છે. જેથી શું થયેલું તે જાણવા માટે તેઓ અદાલતમાં આવેલા હતા. તેઓ એ હકીકત પણ કબુલ રાખે છે કે, નયનભાઈ સાથે બનાવ બનેલો તે તેઓએ નજરે જોયેલો નથી.

(૯.૫) ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા હાલના સાહેદ આ બનાવના નજરે જોનાર સાહેદ નથી. જેથી હાલના સાહેદનો પુરાવો ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ કલમ ૬૦ મુજબનો સીધો પુરાવો નથી. જેથી ફરિયાદપક્ષ હાલના સાહેદની જુબાનીના આધારે આરોપી સામેનો પોતાનો કેસ સાબિત કરી શકે તેમ નથી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં એવી હકીકત પણ લખાવેલી કે, આરોપીએ હાલના સાહેદને પણ ધમકી આપેલી હતી. હાલના સાહેદ પોતાની સમગ્ર જુબાનીમાં પોતાને ધમકી આપેલી હોય તેવી કોઈ હકીકત જણાવતા ન હોય, હાલના સાહેદને ધમકી આપેલાની હકીકત સાબિત થઈ શકેલી નથી. તેવા સંજોગોમાં હાલના સાહેદની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯.૬) ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં આંક–૫૭ થી સાહેદ હાર્દિકભાઈ હરીષભાઈ કનખરાને તપાસવામાં આવેલા છે. તેઓ અદાલત રૂબરૂ તેવો પુરાવો આપે છે કે, બનાવ ૧૦–૧૨ વર્ષ પહેલા બનેલો. બનાવની ચોક્કસ તારીખ કે વર્ષ અને સમય તેઓને યાદ નથી. તેઓની ઉપર એન.સી કેસ નોંધાયેલો હતો તે બાબતે સાક્ષીની જુબાની નોંધવાની હોય ફરિયાદી તથા સાહેદ પોતે અને તેઓના વકીલશ્રી અબ્બાસભાઈ સમા જુબાની માટે હાજર થયેલા તે સમયે આરોપીએ પોતાની સર્વીસ રીવોલ્વર બહાર કાઢેલી તે સમયે ફરિયાદી અને આરોપી વચ્ચે બોલવાનું થયેલું તે અંગે ફરિયાદ આપવામાં આવેલી હતી. આ સિવાય બીજુ કશુ બનેલું નથી.

(૯.૭) આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલી ઊલટતપાસ દરમિયાન તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, આરોપી સીટી સી ડીવીઝનમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. સાહેદની દુકાન જામનગરની બજારમાં આવેલી છે. તે દુકાન રાત્રીના સમયે ખુલ્લી હતી ત્યારે આરોપીએ દુકાન બંધ કરાવવા માટે કાર્યવાહી કરેલી હતી. દુકાન બંધ કરાવતી વખતે માથાકુટ થયેલી તેવું જણાવીને આ કામના આરોપીએ સાહેદ વિરુદ્ધ તથા ફરિયાદી વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરીને કેસ દાખલ કરેલો. સદર સાહેદ તે હકીકતનો સ્વિકાર કરે છે કે, તે કેસની કાર્યવાહી આરોપીએ ફરિયાદી વિરુદ્ધ કરેલી તે પહેલાં ફરિયાદી કે હાલના સાહેદને આરોપીને મળવાનો પ્રસંગ બનેલ ન હતો. જેથી તેઓની વચ્ચે કોઈ અંગત વેર કે દ્વેષ ન હતો. આ કામના આરોપીએ પોતાની વિરુદ્ધ નિયમનો ભંગ કરીને મોડી રાત્રે દુકાન ચાલુ રાખવા બદલ કેસ દાખલ કરેલો હતો. તેઓ એ હકીકત પણ કબુલ રાખે છે કે, આ ફરિયાદ કરી ત્યારથી આજદીન સુધી ફરિયાદી, સાહેદો અને આરોપી વચ્ચે કોઈ અણબનાવ બનેલો નથી કે બોલાચાલી થયેલી નથી. હાલની ફરિયાદ આરોપી સામે આપ્યા બાદ પણ આરોપીએ કે તેમની સાથેના પોલીસ કર્મચારીએ ફરિયાદી કે સાહેદો ઉપર કોઈ રાગદ્વેસ રાખીને ખોટા કેસો ઉભા કરેલા નથી કે કોઈ ધાક–ધમકી આપેલી  નથી. સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, ફરિયાદી આજે પણ અગાઉની જેમ સક્રિય વકીલ તરીકે પ્રેક્ટીસ કરે છે અને સાહેદ પોતે તે જ સ્થળે પહેલાની જેમ દુકાન ચલાવે છે.

(૯.૮) ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સદર સાહેદ આ બનાવના નજરે જોનાર સાહેદ હોવાનું ફરિયાદપક્ષનું કહેવું છે. હાલના સાહેદ ઉપર આ કામના આરોપીએ પોતાની સત્તાવાર ફરજ દરમિયાન અવરોધ ઉભો કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરીને કેસ દાખલ

કરેલો અને તેઓની ધરપકડ કરવામાં આવેલી. આ દાખલ થયેલા કેસની જુબાની સમયે હાલનો બનાવ બનવા પામેલો છે તેવું સાહેદનું કહેવું છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીએ તેઓને અથવા તેઓના ભાઈને અદાલતની જુબાની દરમિયાન કે ત્યારબાદ કોઈપણ સમયે કોઈપણ પ્રકારની ધમકી આપેલી હોય તેવું અદાલતના રેકર્ડ ઉપર આવતું નથી. આ કામના આરોપીએ કોઈપણ પ્રકારની ધમકી આપેલી હોય તો તેનો ઉલ્લેખસુદ્ધા સાહેદ દ્વારા પોતાની જુબાની દરમિયાન કરવામાં આવેલ નથી. જ્યાં સુધી બોલાયેલા શબ્દો અદાલતના રેકર્ડ ઉપર જુબાની દરમિયાન મુકવામાં ન આવે ત્યાં સુધી અદાલત વાસ્તવમાં એ બાબતનો નિર્ણય કરી શકે નહીં કે આરોપી દ્વારા કોઈ ધમકી આપવામાં આવેલી છે કે કેમ ? અને જો કોઈ ધમકી આપેલી હોય તો તે ધમકી કેવા પ્રકારની છે. પોતાને કે પોતાના ભાઈને ધમકી આપેલાની કોઈ હકીકત સાહેદે પોતાની અદાલત રૂબરૂની જુબાનીમાં જણાવેલી ન હોય ત્યારે ધમકી અંગેની હકીકત સાબિતી વગરની રહી જવા પામેલ છે. આ કામે ધમકી આપેલાની કોઈ હકીકત સાહેદની જુબાનીથી અદાલતના રેકર્ડ ઉપર આવતી ન હોય ત્યારે હાલના સાહેદની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય, વ્યાજબી કે ન્યાયોચીત નથી.

(૯.૯) ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં આંક–૫૮ થી સાહેદ અબ્બાસ સમાને તપાસવામાં આવેલા છે. તેઓ અદાલત રૂબરૂ તેવો પુરાવો આપે છે કે, બનાવના દિવસે તેઓ પોતાના જુનીયર નયનભાઈ કનખરાના ભાઈ સામે કરવામાં આવેલી પોલીસ કેસની જુબાની માટે હાજર થયેલા હતા. ફરિયાદીના ભાઈ જામનગર મેઈન બજારમાં દુકાન ધરાવે છે. તેમની સામે આરોપીએ મોડી રાત સુધી દુકાન ચાલુ રાખવાનો કેસ કરેલો હતો. આ કેસ લડવા માટે ફરિયાદીએ પોતાના ભાઈ માટે વકીલ તરીકે હાલના સાહેદની

નિમણુક કરેલી હતી. એ કેસનો નંબર સાહેદને હાલમાં યાદ નથી. આ કેસ ચાલતો હતો ત્યારે આરોપી અને આ કામના ફરિયાદી કે જેઓ હાલના સાહેદની બાજુમાં બેઠેલા હતા તેમની વચ્ચે ગણગણાટ થયેલો. આ બાબતે અદાલતે હસ્તક્ષેપ કરીને માત્ર જુબાની ઉપર ધ્યાન આપવાનું જણાવેલું. ત્યારબાદ વકીલમંડળના સભ્યો આવી ગયેલા અને બોલાચાલી થતા આગળની કાર્યવાહી કરી ફરિયાદી નયનભાઈએ આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલી. ફરિયાદી નયનભાઈએ હાલના સાહેદને જણાવેલું કે આરોપી તેઓને ધમકી આપતા હતા અને રીવોલ્વર કાઢેલી હતી. આ સમયે સાહેદ ઊલટતપાસ લેવા માટે કેસ પેપર્સ વાચતા હતા તેવું જણાવે છે.

(૯.૧૦) પોતાની ઊલટતપાસ દરમિયાન તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીના ભાઈ વિરુદ્ધ દુકાન બંધ કરતી વખતે થયેલી માથાકુટ બાબતે કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં હાલના સાહેદ પણ સાક્ષી તરીકે રહેલા. હાલના સાહેદ પોતે તેવા કેસમાંથી ફરિયાદીના ભાઈ હાર્દિકને છોડાવવા માટે અને તેઓના સામેની કાર્યવાહી બંધ કરાવવા માટે પોલીસ સ્ટેશને ગયેલા હતા. આ કામના ફરિયાદી હાલના સાહેદના જુનિયર થાય છે. તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, આ ફરિયાદ કરી ત્યારથી આજદીન સુધી તેઓ અને આરોપી વચ્ચે કોઈ અણબનાવ બનેલ નથી. તેઓની ઉપર તથા ફરિયાદી ઉપર તથા હાર્દિકભાઈ ઉપર પોલીસે અન્ય કોઈ કેસો કરેલા નથી કે રાગદ્વેસ રાખેલ નથી કે ધાકધમકી પણ આપેલી નથી. તેઓ એ હકીકત પણ કબુલ રાખે છે કે પોતે અગાઉની જેમ સક્રીય વકીલ તરીકે વ્યવસાય કરતા આવેલા છે અને તેઓના જુનીયર નયનભાઈ પણ અગાઉની જેમ વકીલાત કરતાં આવેલા છે. નયનભાઈના ભાઈ આજે પણ તે જ સ્થળે અગાઉની જેમ પોતાની દુકાન ચલાવતા આવેલા છે.

ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા હાલના સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ તરીકે રજૂ થયેલા છે. ફરિયાદપક્ષના કેસ મુજબ હાલના સાહેદની હાજરીમાં આ બનાવ બનેલ છે, પરંતુ હાલના સાહેદની અદાલત રૂબરૂની જુબાની ધ્યાને લેતા વાસ્તવમાં ફરિયાદી અને આરોપી વચ્ચે માત્ર ગણગણાટ થયેલો તે બાબતે હાલના સાહેદે ફરિયાદીને પુછતા આરોપી ધમકી આપતા હોવાનું ફરિયાદીએ જણાવેલુ. તેનો સીધો અર્થ એ થાય છે કે, હાલના સાહેદે તે જ સ્થળે ઉભેલા હોવા છતાં આરોપીને ધમકી ભરેલા કોઈ શબ્દો બોલતા જોયેલા નથી. હાલના સાહેદે તે જ સ્થળે હોવા છતાં આ કામના આરોપીને પોતાની કોઈ સર્વીસ રિવોલ્વર બહાર કાઢીને કોઈ શબ્દ બોલતા જોયેલા નથી. વાસ્તવિક રીતે જોઈએ તો ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીની ઊલટતપાસ ચાલતી હતી ત્યારે આ બનાવ બનેલો છે જેથી હાલના સાહેદ આરોપીની ઊલટતપાસ લઈ રહેલા હોય તેઓ ફરિયાદી કરતાં આરોપીની વધુ નજીકમાં હતા. જ્યારે આરોપી અને ફરિયાદી વચ્ચે હાલના સાહેદ ઉભા રહીને ઊલટતપાસ માટે કેસનો અભ્યાસ કરી રહેલા હોય તો આરોપી જે કોઈ શબ્દ બોલે તે સૌપ્રથમ હાલના સાહેદના ધ્યાન ઉપર આવે, દુર બેઠેલા ફરિયાદીને તેવા શબ્દો પહેલાં સંભળાય નહી. હાલના સાહેદ સ્પષ્ટરીતે જણાવે છે કે, ફરિયાદીએ તેઓને કહેલું કે, આરોપી ધમકી આપે છે, પરંતુ આ ધમકી હાલના સાહેદે પોતે સાંભળેલી નથી તો આરોપી અને ફરિયાદી વચ્ચે ઉભેલા હાલના સાહેદ આરોપીએ બોલેલા કોઈ શબ્દ સાંભળેલા ન હોય કે સમજેલા ન હોય તો તેવા શબ્દો ફરિયાદીએ કેવી રીતે સાંભળેલા છે કે સમજેલા છે તે બાબતનો ખુલાશો ફરિયાદપક્ષ કરી શકેલ નથી. હાલના સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા હાલના સાહેદની જુબાની ઉપરથી પણ આરોપીએ ફરિયાદને કે અન્ય કોઈ સાહેદને કોઈપણ પ્રકારની ધમકી આપેલાનું સાબિત થતું ન હોય

હાલના સાહેદની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯.૧૧) ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં આંક–૬૩ થી ત.ક.અશ્રી રાકેશકુમાર સુર્યકાંત ઠાકરનાઓને તપાસવામાં આવેલા છે. તેઓ એવી જુબાની આપે છે કે, ૨૦૧૫ ના વર્ષમાં તેઓ ઈન્ચાર્જ પી.આઈ તરીકે સીટી એ ડિવિઝનમાં ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદી નયનભાઈનાઓએ આ કામના આરોપી સામે ફરિયાદ આપેલી હતી. આ સમગ્ર ફરિયાદની તપાસ તેઓએ કરેલી હતી. તપાસ દરમિયાન તેઓએ લાગતા વળગતા તમામ સાહેદોના નિવેદન નોંધેલા હતા. આ બનાવ નામ. અદાલતમાં બનેલ હોવાનું ફરિયાદી જણાવતા હોય જરૂરી પ્રક્રિયા કરીને નામ. અદાલતમાં ફરજ બજાવતા કર્મચારીઓના નિવેદન તેઓએ તપાસ દરમિયાન લીધેલા હતા. આ ઉપરાંત સંબંધિત અદાલતમાં કોર્ટ ડ્યુટી કોન્સ. તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીનું નિવેદન પણ લેવામાં આવેલ હતું. બનાવ સમયે વકીલ બાર મંડળના વકીલ સભ્યો હાજર હોવાનું જણાતા તેઓને સી.આર.પી.સી કલમ ૧૬૦ મુજબ સમન્સ ઈશ્યુ કરી તેઓના નિવેદન નોંધવામાં આવેલા. હાલના સાહેદના કહેવા મુજબ તપાસને અંતે રેકર્ડ ઉપર આવેલ નિવેદનોને આધારે તેઓને એવું જણાયેલું કે આરોપીએ ફરિયાદીના ભાઈ હાર્દિક સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધેલો હતો અને પોલીસ સ્ટેશને લઈ ગયેલા હતા. આ બાબતનો ખાર રાખીને ફરિયાદીએ આરોપી સામે ફરિયાદ કરેલી છે. ફરિયાદી પોતાની ફરિયાદમાં જણાવે છે તે મુજબનો કોઈ ગુનો બનતો નથી, પરંતુ પી.એસ.આઈ તરીકે આરોપી ઉપર દબાણ લાવવાના હેતુંથી ફરિયાદ કરેલાનું જણાતા વર્ગ–બી સમરી ભરવામાં આવેલી હતી.

(૯.૧૨) હાલના સાહેદ પોતાની ઊલટતપાસ દરમિયાન એવી હકીકત જણાવે છે કે, આરોપીએ ફરિયાદીના ભાઈ સામે આઈ.પી.સી કલમ ૧૮૬ મુજબ ફરિયાદ દાખલ કરેલી હતી. ફરિયાદીના ભાઈ ઠંડા પીણાની દુકાન ધરાવે છે જે મોડી રાત સુધી ખુલ્લી રાખત પોલીસ અધિકારી તરીકે આરોપીએ તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરીને કેસ નોંધેલો. આ કાર્યવાહી સમયે આ કામના સાહેદ અબ્બાસભાઈ સમા એ જ દુકાનમાં હાજર હોવાનું જણાયેલું. જે હાર્દિકભાઈએ મોડી રાત સુધી દુકાન ચાલુ રાખેલી તે બંધ કરાવવા જતા તેમની સામે કાર્યવાહી કરવામાં આવેલી તેમના સગા ભાઈ તરીકે નયનભાઈએ હાલની ફરિયાદ કરેલી છે.આ કામના સાહેદ અબ્બાસભાઈ સમા ફરિયાદીના સિનિયર થાય છે તેવું પણ તપાસમાં ખુલવા પામેલું. સાહેદ નિતલભાઈ ધ્રુવ બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હતા. નિતલભાઈને જાનથી મારી નાખવાની ધમકી આરોપીએ આપેલી હોય તેવી કોઈ હકીકત પોલીસ સમક્ષના નિવેદનમાં પણ નિતલભાઈએ જણાવેલ નથી. વધુમાં સદર સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે, સાહેદ જયેન્દ્રસિંહ ઝાલા બનાવ સમયે હાજર ન હતા તેઓને બનાવની જાણ ટેલેફોન ઉપર થયેલી છે. સાહેદ પંકજભાઈ ગોવિંદભાઈ સોનાગ્રાનાઓએ પણ પોતાના નિવેદનમાં આરોપીએ કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હોય અથવા અન્ય કોઈ હકીકત પોતાના નિવેદનમાં જણાવેલ નથી. આ ઉપરાંત સાહેદ કિર્તીકુમાર દવેએ પણ તેઓના સમક્ષના નિવેદનમાં આરોપીએ રીવોલ્વર કાઢેલી હોય કે કોઈ ધમકી આપેલી હોય તેવું જોયેલુ નથી કે સાંભળેલું નથી તેવુ જણાવેલ છે. આ ઉપરાંત સાહેદ મનીષભાઈ વઘેરાનાઓએ પણ પોતાના સમક્ષના નિવેદનમાં આરોપીએ કોઈને ધમકી આપેલી નથી કે રીવોલ્વર કાઢેલ નથી તે અંગેની હકીકત જણાવેલ છે. આ ઉપરાંત સાહેદ મુળરાજ ગઢવીનાઓએ પણ પોતાના

નિવેદનમાં આરોપીએ રીવોલ્વર કાઢેલી હોય તે જોયેલું હોય અથવા તો કોઈ ધમકી આપેલી હોય કે સાંભળેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવેલ છે. સદર સાહેદ સ્પષ્ટપણે એવી હકીકત કબુલ રાખે છે કે, તપાસ દરમિયાન જે કોઈ સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા તે સાહેદો પૈકી વકીલશ્રી સિવાયના તમામ સાહેદોએ આરોપીએ કોઈ ધમકી આપેલાની હકીકત સાંભળેલી નથી કે આરોપીએ કોઈ રીવોલ્વર બતાવેલી હોય તેવી કોઈ હકીકત જોયેલી નથી તેવું તપાસમાં ખુલેલું છે.

(૯.૧૩) ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા હાલના સાહેદ બનાવની તપાસ કરનાર પોલીસ અધિકારી છે. તેઓએ સ્પષ્ટરીતે જણાવ્યા મુજબ વાસ્તવમાં આ કામના આરોપીએ ફરિયાદીના ભાઈ સામે પોલીસ કાર્યવાહી કરીને દુકાન બંધ કરાવવાનો પ્રયત્ન કરેલ ત્યારે બનવા પામેલા બનાવ અનુસંધાને આરોપી દ્વારા ફરિયાદીના ભાઈ સામે પોલીસ કાર્યવાહીમાં રૂકાવટ કરવા બદલ ફરિયાદ દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરેલી. તે બાબતનો રાગદ્વેસ રાખી આરોપી ઉપર દબાણ લાવવાના ઈરાદે હાલની ફરિયાદ ફરિયાદી દ્વારા આપવામાં આવેલી છે. હાલના સાહેદના કહેવા મુજબ જ્યારે પોતાની તપાસ દરમિયાન તેઓએ જુદા જુદા સાહેદોના નિવેદનો નોંધેલા છે ત્યારે વકીલશ્રી સિવાય જે કોઈ સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા તેઓએ આરોપીના હાથમાં કોઈ રીવોલ્વર જોયેલી નથી કે આરોપીને ધમકી આપતા કોઈ શબ્દો બોલતા જોયેલા નથી તે બાબત સ્પષ્ટ થયેલી છે. આમ, જ્યારે રેકર્ડ ઉપર માત્ર અણબનાવ બનેલાની હકીકત આવતી હોય પરંતુ ચોક્કસ કેવા પ્રકારનો બનાવ બનવા પામેલો અને તેમાં આરોપીએ ચોક્કસ કેવા પ્રકારની ભુમિકા ભજવેલી તે બાબત યોગ્ય પુરાવાથી સ્પષ્ટ થતી ન હોય ત્યારે આરોપીને કોઈપણ ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૯.૧૪) સદરહુ ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે સૌપ્રથમ આ કામના આરોપી સામે જે ગુન્હાના આક્ષેપો છે તે અંગેના ગુન્હાની કલમોની ચર્ચા કરવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ કરવામાં આવેલ છે.

**506. Punishment for criminal intimidation.**

506. Punishment for criminal intimidation.--Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both;

If threat be to cause death or grievous hurt, etc.

If threat be to cause death or grievous hurt, etc.--and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or 3*[imprisonment for life], of with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

(૯.૧૫) વધુમાં ફરીયાદ પક્ષે આરોપીઓ સામે જે આઈ.પી.સીની કલમ–૫૦૬(૨) મુજબનો આક્ષેપીત ગુન્હો કરેલાની ફરીયાદ કરેલ છે તે અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપેલ ચુકાદામાં જે સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે તે જો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

- <u>૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે.) પાના નં.૪</u>

મુન્સફખાન યાસીમખાન પઠાણ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે આરોપીઓએ ગુન્હાહિત ધાક–ધમકી, જે મૃત્યુ અથવા ગંભીર વ્યથા પહોંચાડવાના ઈરાદાથી આપેલ હોય તેવી ધમકીનાં કારણે ફરિયાદીને ભયની ઘંટી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેવા ભયનાં કારણે તેઓ પોતાના રોજબરોજનાં કાર્યો અથવા ફરજો અદા કરવા માટે અશકિતમાન બન્યા હોય તેવું પણ પુરવાર થવું જોઈએ.

(૯.૧૬) આમ, હાથ પરનાં કેસમાં આવા ઉપરોક્ત ચુકાદા તેમજ કાયદાની કલમમાં દર્શાવેલ જોગવાઈ મુજબના તત્વો પુરવાર થાય તો જ આરોપી સામેનો સદરહુ ગુન્હો પુરવાર થયેલાનું માની શકાય. પરંતુ ફરીયાદ પક્ષે જે પુરાવો રજુ કરેલ છે તે જો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી સાહેદ તથા કહેવાતા ભોગબનનાર અન્ય સાહેદો પોતાની અદાલત રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને આરોપી ધ્વારા

આપવામાં આવેલ ધમકીના કારણે ભયમાં પોતાનું જીવન ગુજારી રહેલા હોય અથવા તો હાલમાં પણ તેઓને આરોપીથી ભય રહેલો હોય તેવી કોઈ જ હકિકતો પોતાની જુબાનીમાં જણાવેલ નથી તેમજ તેઓ અગાઉ જે કામગીરી કરતા હતા તે કામગીરી આરોપીના ભયના કારણે કરી શકતા ન હોય તેવી પણ કોઈ હકિકતો પોતાની જુબાનીમાં જણાવતા નથી ત્યારે હાલના ફરીયાદી સાહેદની જુબાનીથી આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. વધુમાં હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ આજદીન સુધી ફરીયાદી તથા આરોપી વચ્ચે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ બનેલ હોવા બાબતેની પણ કોઈ હકિકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે પણ હાલના આરોપી તથા ફરીયાદી સાથે હાલના બનાવ બન્યો તે બાદ અન્ય કોઈ બનાવ બનેલ હોવાનું રેકર્ડ ઉપર ખુલવા પામેલ ન હોય ત્યારે પણ હાલના આરોપીએ ફરીયાદીને ગુનાહિત ધમકી આપેલ હોવાનું તે અંગેના સ્પષ્ટ પુરાવા વગર માની શકાય નહી. આમ, ફરીયાદીના પુરાવાથી પણ તેઓ આરોપીના ભયના ઓથાળે પોતાનું જીવન પસાર કરી રહેલા હોય તેવી કોઈ જ હકિકતો પોતાની જુબાની પરથી જણાય આવતી નથી ત્યારે હાલના સાહેદના પુરાવાથી પણ આરોપીઓને દોષીત ઠરાવી શકાય તેમ નથી. આમ, સમગ્ર હકિકતો જોતા આઈ.પી.સીની કલમ–૫૦૬(૨) મુજબના ગુન્હાના તત્વો શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીને હાલના ગુનાના કામે દોષીત ઠરાવી શકાય તેમ ન હોય મુદ્દા નંબર–૧ નો જવાબ **"નકારમાં"** આપી મુદ્દા નંબર ૨ ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

૧. આ કામના **ઓરોપી શ્રી ધર્મેન્દ્રસિંહ કે. સરવૈયા, પોલીસ સબ ઈન્સપેક્ટર, જામનગરનાઓને** ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે..

૨. આ કામના આરોપી દ્વારા અગાઉ આપવામાં આવેલા જામીન ક્રિ.પ્રો.કો.ની કલમ–૪૩૭(એ) મુજબના સમય સુધી ચાલુ રાખવાનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૮મી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**જામનગર,**
**તા.૦૮/૦૫/૨૦૨૬.**

**(એમ.કે.ખેર)**
**પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ અને**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**જામનગર.**
**કોડ નં. જી.જે–૦૦૮૫૯**

બી.કે.સબાડ, સ્ટેનો.